# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


<u>અખબારી યાદી</u> *તારીખ 19 નવેમ્બર, 2022*

- **'ભારત જોડો યાત્રા'માં કોઇપણ વ્યક્તિ જોડાય તો અમે તેને રોકી શકીએ નહીં. ભાજપ મુદ્દો ભટકાવવા માંગે છે. - ડો. રઘુ શર્મા**
- **આમ આદમી પાર્ટી એ અત્યાધિક અરાજીક પાર્ટી છે, અને તે દેશ માટે ખતરો છે. – આલોક શર્મા**

રાહુલ ગાંધીની રાજકોટ મુલાકાતને લઇને ગુજરાતના પ્રભારી ડો. રઘુ શર્માએ સભા સ્થળની મુલાકાત લીધી હતી. મેધા પાટકરને લઇને તેમણે જણાવ્યું હતું કે 'ભારત જોડો યાત્રા'માં લાખો લોકો જોડાઇ રહ્યા છે. કોઇપણ વ્યક્તિ જોડાય તો અમે તેને રોકી શકીએ નહીં. ભાજપ મુદ્દો ભટકાવવા માંગે છે. ગુજરાતની જનતા મોંઘવારી અને બેરોજગારીથી પરેશાન છે. ભાજપ બેરોજગારી-મોંઘવારી વિશે વાત નહીં કરે.

આમ આદમી પાર્ટીની કથની અને કરણી સામે અણિયારા સવાલો પર પ્રશ્ન પર ગંભીર પ્રશ્નો ઉઠાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા આલોક શર્માએ તિહાડ જેલમાં બંધ કેજરીવાલની દિલ્હી સરકારના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનના મસાજ કરાવતા વીડિયોને લઈને પણ સવાલો કર્યા હતા. તેમણે કહ્યું, આ વીડિયોથી સાબિત થાય છે કે, આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ છે. જેલમાં તે લોકો એશો-આરામથી રહી રહ્યા છે. કેન્દ્ર સરકારે પણ આ ધ્યાને લેવું જોઈએ. એક કેદીને જેલમાં 5 સ્ટાર સુવિધા કેવી રીતી મળી રહી છે. એટલે જ અમે કહી રહ્યા છીએ કે આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આયોજિત પ્રેસ વાર્તામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવક્તા શ્રી આલોક શર્માએ આમ આદમી પાર્ટીના કથિત વાયરલ થયેલા વીડિયો સંદર્ભે આમ આદમી પાર્ટી સામે ગંભીર સવાલો ઊભા કર્યા હતા. જેમાં પંજાબમાં ખાલિસ્તાન સમર્થકોની રેલી, તિહાડ જેમાં ફાઇવસ્ટાર ફેસિલીટી આમ આદમી પાર્ટીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન ભોગવી રહ્યા છે. જ્યારે પંજાબના રોકસ્ટાર મુસાવાલાની જાહેરમાં સરેઆમ દિનદહાડે હત્યા અને વાય-કેટગરી સુરક્ષા ધરાવાતા હિન્દુત્વવાદી નેતાની હત્યાના કિસ્સા આમ આદમી પાર્ટીના પ્રશાસન પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. દિલ્હીની કાયદા-કાનૂન વ્યવસ્થાની દેખરેખ સીધી કેન્દ્ર સરકારનું ગૃહ મંત્રાલય સંભાળે છે. આ મુદ્દે પણ તિહાડ જેલમાં મળી રહેતી સુવિધાઓ કોના ઇશારે મળી રહી છે. તેનો પણ જવાબ કેન્દ્ર સરકારના ગૃહમંત્રાલયે આપવો જોઇએ.

ઠગે આરોપ લગાવ્યો કે મને જ લોકો ઠગી ગયા... આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે અમારા કોઇ મંત્રી ભ્રષ્ટાચારમાં સંડોવાયેલો હશે તેને મંત્રી મંડળમાંથી કાઢી મૂકવામાં આવશે. મોટા ભાગના મંત્રીઓ પર ભ્રષ્ટાચારના આરોપો લગાવાયા છે. છતાંહજુ સુધી કેજરીવાલ તેઓ સામે પગલાં નથી ભરી શકતા. આમ આદમી પાર્ટી એ અત્યાધિક અરાજક પાર્ટી છે, અને તે દેશ માટે ખતરો છે. અને અરાજકતાના તમામ પ્રમાણ આજે અમે વીડિયો દ્વારા દર્શાવેલા છે. સૌથી વધારે જો કોઇ ભ્રષ્ટાચારી સરકાર હોય તો તે આમ આદમી પાર્ટીની છે,તે હવે આ પ્રસ્તુત પ્રમાણો દ્વારા સાબિત થઇ ચૂક્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ શ્રી બિમલ શાહ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા વિભાગના કો-કોર્ડિનેટર અને પ્રવક્તા હેમાંગ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

હેમાંગ રાવલ
કો-કોર્ડિનેટર અને પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ